# હજ્જ ગાઇડ

કોન્સલેટ જનરલ ઓફ ઇન્ડીઆ, જીદદાહ
કીંગડમ ઓફ સાઉદી અરેબીયા

**ભારતના હાજીઓ માટેની વ્યવહારીક માર્ગદર્શન હજ – ૨૦૦૬**

વ્હાલા હાજી સહેબો,

સૌ પ્રથમ અમો આપને અલલાહ પાક તરફથી ૨૦૦૬ ના વર્ષમાં હજ અદા કરવા બદલ તક આપી છે તે બદલ દિલી મુબારકબાદ પેશ કરીએ છીી અને મક્કા અને મદીના જેવા પવિત્ર મુકામોની મુલાકાત બદલ આવકારીએ છીએ.

આપમાંથી અમુક પ્રથમ મદીના શરીફની મુલાકાત લેશો અને ત્યાં ૪૦ નમાજો અદા કરશો તે પછી મક્કાની મુલાકાત લેશો.

આપ દુઆ કરશો કે અલ્લાહ પાક હજ્જ ૨૦૦૬ અદા કરવા આપના પ્રયાસોને સફળતા ઇન્શાઅલ્લાહ બક્ષે.આમીન.

આપની હજ્જની પાક સફર સંપુર્ણ રીતે અને સારી રીતે અદા થાય તે માટે આપને નક્કર અને પાયાના સૂચનો કરવાની પ્રથમ પરવાનગી લઇએ છીએ.જેમાં સવિશેષ " શું કરવું અને શું ન કરવું " તે અંગે સાઉદી અરેબીયાની સ્થાનીક મહત્વની બાબતો તે સમાવી લેવામાં આવી છે.જે આપને ખૂબ જ ઉપયોગી થશે.તેથી આપને ખૂબ જ ધ્યાન પૂર્વક અમારા મંતવ્યોનો અભ્યાસ  કરવા અને અમલ કરવા આગ્રહ પૂર્વક વિનંતી છે.

**સમાન્ય :**

૧. હદીશના આદેશ મુજબ આપ અલલાહ પાકના મહેમાન છો. તેથી આપ આપના દિલ અને દિમાગમાં વધુ સમય અંકિત કરી લેશો . આપનો વધુમાં વધુ સમય નમાજ,જીક્ર,કુરાને પાકની તીલાવત અને બીજા પાક અરકાનોમાં વિતાવવાનો છે અને જરા સરખો સમય અહિં તહિં ફરવામાં વિતાવવાનો નથી.

૨. સફાઇ એ મોમીન માટે અમૂલ્ય સાધન છે. જેથી આપ જયાં રહો ત્યાં સંપૂર્ણપણે સફાઇ રાખવાનો આગ્રહ રાખશો.જેમાં આપનું શરીર આપના કપડાં અને રહેઠાણનો સમાવેશ થાય છે .

૩. હજ્જમાં તમામ અરકાનો અદા કરવામાં આપના શારિરીક પરીશ્રમો સમાયેલા છે.અને તે પણ સવિશેષ પણે ચલાવવાનો.તેથી આપને હજ્જના વિવિધ અરકાનો માં ખૂબ જ શિસ્ત, શાંતિ અને સબ્ર અખતીયાર કરવાના રહેશે.અને મુખ્યત્વે હજ્જ અરકાન અદા કરવા માટે ખૂબ જ ધૈર્યથી આપણા દિલ અને દિમાગથી એકાગ્રતા પૂર્વક હજ્જ અદા કરવાનો મુખ્ય ધ્યેય હાંસલ કરવાનો રહેશે.જેથી ગમે તેવા સંજોગોમાં ફક્ત અલલાહની ઇબાદત અદા કરવા સંપૂર્ણપણે સ્વસ્થ બની કામયાબ થવા પ્રયત્નશીલ રહેવું પડશે.

૪. હજ્જ અદા કરવામાં અનેક પ્રકારની ટૂંકી સફરો કરવાની રહેશે.તમામ સફરોમાં ધિરજ અને ધૈર્ય ને અપનાવવાના રહેશે.ઉતાવળમાં કેટલીક અગવડતાઓ અને અકસ્માતો અનાયાસે વહોરી લેવી પડશે.જે આપના માટે પરદેશમાં અનેક મુશ્કેલીઓના પ્રશ્નોનો નિકાલ લાવા માટે બાધારુપ થશે.

૫. હાજીઓમાંથી કેટલાક વૃધ્ધ,અશક્ત,સાદા અને અશિક્ષીત હશે.તેથી રુમમાં ,ફ્લેટમાં અને બિલ્ડીંગમા જે સશક્ત અને તંદુરસ્ત જવાન હોય તેઓએ સ્વેચ્છાએ આવા લોકોને દરેક રતિ મદદરુપ થવા આગળ આવવાનું રહેશે.અલલાહ પાક આપની સ્વૈચ્છી સેવાઓ બદલ એની વિશાળ રહેમતથી નવાજશે.

૬. હરમશરીફની વિશાળ જગ્યાએથી આપને આપના મુકામે પહોચવા બહાર આવવા જવા માટે જે તે દરવાજાના નામ કલર અને નંબર નોંધી લેવા પડશે.જેથી આપને નાહકની મુશ્કેલીમાં સપડાવવું ન પડે અને આપનો કિંમતી સમય ન બગડે તે ખાસ ધ્યાન રાખવું .

૭. આપ આપના મુકામ ઉપર પહોંચવા કંઇ મુશ્કેલી અનુભવો તો આપ આપણા ભારતના ઇન્ડીઅન કોનસેલેટ ઓફીસ અહીં ઓફીસનો ટેલીફોન નંબર લખવો જરુરી છે કે જે હોટેલ અજયદની સામે વિસ્તારમાં તા.મક્કા હરમ શરીફની બાજુમાં આવેલી છે જેનો રુબરુ સંપર્ક સાધીને માહિતી મેળવી લેશો.આ સિવાય ઇન્ડીયન ટાસ્ક ફોર્સ જેનો પોષાક ભારતના ત્રણ કલર સયમબોલ સાથે હોય છે તેમનો સંપર્ક સાધશો.આ લોકો હરમ શરીફના દરેક દરવાજાની નજીક અને આસપાસ મળશે.

૮. આપના ઓળખપત્ર કાયમ આપની સાથે જ રાખશો.જેથી આપને તાત્કાલીક સહાય મળી શકે.

૯. સઉદી અરેબીયા સરકારના કાયદા અને નિયમો હેઠળ હાજીઓ મક્કા અને મદીનાની બહાર મુસાફરી કરી શકતા નથી તેમના વીઝા જીદ્દાહ અથવા સાઉદી અરેબીયાના બીજા સ્થળે પ્રવેશ માટે હોતા નથી તેની બહાર જવા માટે જરુરી પરવાનગી વગર ન જવું જોઇએ.

૧૦ હજ્જ ૧૪૨૭ – ડિસેમ્બર – ૦૬ થી જાન્યુ.-૦૭ અદા થશે. આ શરદીના મહીનાઓ છે. જેથી તમારે ઉનના કપડાનો વપરાસ કરવાનો રહેશે. જેવાકે સ્વેટર્સ અને બ્લેનકેટસ મકકા મદીનાના

રૂમા તથા મીનાના તંબુ બધા એજ કંડશિન હશે અને તેથી તમને ઠંડી લાગશે. ખસ કરીને રાત્રી દરમ્યાન ખાસ નોંધ રાભસો હીટીંગ (ગરમાવા)ની કોઇ વ્યવસ્થા કોઇપણ જગ્યાએ નથી.

૧૧ રોડને વટાવતા તમારે ખૂબજ કાળજી રાખવી પડશે ખાસ કરીને મકકા અને મદીનામાં મુખ્ય રસ્તાઓ અને હાઇવેનો સાઉદી અરેબીયાની ટ્રાફીક ઇન્ડીયાની સરખામણીમાં સામેની સાઇડમાં ચાલે છે. હાજીઓની નિષ્કાળજીને કેટલાક હાજીઓને ઇજા થાય છે. અને મરી જાય છે. હાજીઓ રોડ વટાવતા હોય ત્યારે વાહનના ડ્રાઇવરો રોકાતા નથી તેમજ તેમની સ્પીડ ઓછી કરતા નથી. તમારે વાહનની અવરજવર અંગે ખુબજ સાવધાની રાખવાની રહેશે. હજજ પહેલા તમારે ઝીયારત જવા માટે વધુ આગ્રહ ન રાખવા અમારી ખાસ સલાહ છે. જેથી તમારે ખોટી રીતે હેરાનગતી ખાગવવી ન પડે.

૧૨. સાઉદી અરેબીયાના કાયદા કાનૂન અને નિયમો હેઠળ ભારતના હાજીઓ માટે હજ કમીટી ઓફ ઇન્ડીયાં ભારત સરકારના નિર્ધારીત નિયમોને અનુલક્ષીને મક્કા અને મદીનામાં મકાનો અગાઉથી ભાડે રાખે છે.એ માટે તમામ સઘન પ્રયાસો કરવામાં આવે છે કે હાજીઓને સંતોષકારક રહેણાંક સગવડ મળી શકે.

૧૩. આ વર્ષે હાજીઓની રહેણાંક વ્યવસ્થા પેરા બાર માં દર્શાવેલ ધોરણોને આધીન કકામાં રહેણાંક વ્યવસ્થામાં ઉમેરો કરવામાં આવ્યો છે."શીશા કેટેગરી "ના નામે પ્રચલિત છે. "શીશા કેટેગરી " હરમ શરીફની નજીક છે.

૧૪. આપે પસંદ કરેલ " કેટેગરી " માં આપને રહેણાંક વ્યવસ્થા ફાળવવાના પ્રયત્નો થાય છે .કદાચ આ વ્યવસ્થામાં સહેજ ફેરફાર શકય છે.જો અનિવાર્ય સંજોગોમાં કોઇ ફેરફાર કરવાની જરુર જણાશે તોતે અપવાદ રુપ કિસ્સામાં જ કરવામાં આવશે.આ ફેરફાર ના લીધે આપને રીફંડ આપવાનું થશે તો તે આપને ભારતમાં આપ હજ્જ માંથી પાછા ભારત જશો ત્યારે હજ્જ કમીટી તરફથી રીફંડ પાછું મળશે.

૧૫. આપને આપના રુમની ફાળવણી "કોમ્પ્યુટરાઇઝ્ડ સીસ્ટમ" થી કરવામાં આવે છે.તેથી આપને એલોટ થયેલ રુમમાં જ રહેવું પડશે.આપ આપની પસંદગી પ્રમાણે બીજા રુમમાં રહેવાનું સાહ્સ ન કરશો કારણ કે ઇસ્લામી પ્રણાલીકા ની તે વિરુધ્ધ છે.હાજી માટે આવું વર્તન ઇસ્લામીક દ્દષ્ટિએ યોગ્ય નથી તેથી આ અંગે આપ ઇસ્લામી દ્દીષ્ટકોણ અપનાવશો એવી આશા છે.

૧૬. લીફ્ટનો ઉપયોગ ખૂબ જ સાવધાની પૂર્વક કરશો.ઉપયોગ કરતાં પહેલાં આ અંગે અપાયેલ સૂચનોનો ખાસ અમલ કરશો.

૧૭. તમામ હાજીઓને બાથરુમ અને કીચનની ઉપલબ્ધ સગવડો સાથે વાપરવાની છે.આ બાબતે આપ "ભાઇચારા" નો અભિગમ અપનાવવો પડશે અને એમાં સમાધાનકારક અભિગમ અપનાવવું પડશે આપની વ્યક્તિગત ધિરજ સૌ માટે આર્શીવાદ રુપ રહેશે.

૧૮. આપે પાણીનો સુવ્યવસ્થીત અને સપ્રમાણ ઉપયોગ માટે પરતી કાળજી રાખવાની રહેશે.કદાચ આપની બિલ્ડીંગમાં પાણીનો વધુ વપરાશથી પાણીની તંગી ઊભી થાય તો તમો બહારથી ટેન્કર લાવી શકશો નહી. તે માટે પ્રતિબંધ છે.તેથી કપડાં ધોવા,વાસણ માંજવા,નાહવામાં અને રાંધવાના કામમાં પાણી સદઉપયોગ,સપ્રમાણ અને સાવચેતી સાથે કરકસરથી કરવાનો અભિગમ અપનાવશો.

૧૯ "એલ પી જી " ના સ્ટવનો ખૂબ જ કાળજીપૂર્વક અને ચીવટપૂર્વક કરવાનો રહેશે.સીલીન્ડર કનેક્શન અને બંધ છે તેની ખાસ ચીવટ રાખશો.આપના સાથીઓ કે જે ગેસ સ્ટવ સીસ્ટમથી વાકેફ નથી તેઓને સતત સલાહ આપતા રહેશો.

૨૦. બીલ્ડીંગ સુપરવાઇઝર દરેક દિવસ બીલ્ડીંગ ની મુલાકાત કરતો રહેશે.આ અંગે હાજીને કોઇ ફરીયાદ કરવાની હશે તો ચોકીદાર ને પ્રથમ જાણ કરવાની રહેશે.હાજી કંપલેઇન્ટ બુકમાં ફરીયાદ પણ કરી શકશે.ઇન્ડીઆ હજ્જ મીશન ની કચેરીએ ફરીયાદ નોંધાવી શકાશે.દરેક બીલ્ડીંગમાં નિસ્બત ધરાવતી ઓફીસો ના સરનામે ફરીયાદો કરી શકશે.દરેક બીલ્ડીંગ ના ભોયતળીયે ઓફીસના સરનામા લખેલ છે.

૨૧. કોઇ હાજીએ તેમના સગાસબંધીઓને જાણકારોને બીંલ્ડીંમાં અથવા રુમમાં મળવાનું નથી તે માટે બીલ્ડીંગની બહાર મુલાકાત ગોઠવવાની રહેશે.

**<u>– હાજીઓને અપાતી સગવડો</u>**

૨૨. હાજીઓની સેવા માટે ભારત સરકાર વહિવટી અધિકારીઓ અને મેડીકલ સ્ટાફને મોટી સંખ્યામાં દરેક વર્ષે ભારતના પ્રતિનીધી તરીકે નિયમીત ધોરણે સાઊદી અરેબીયા મોકલે છે. ભારત સરકાર તેમના વતી ઇન્ડીયન હજ્જ મીશન દ્વારા મકકા તથા મદીનામાં પોતાની ઓફીસો હજ્જ દરમીયાન ખોલે છે.તેમાં ડસિપેનસરીઝ દ્વારા મેડીકલ સેવાઓ ઊપલબ્ધ હોય છે. આ સિવાય મકકા અને મદીનામાં બારે માસ ઇન્ડીયન હજ્જ ઓફીસ હરમ શરીફની નજીકમાં અજયદ એરીયામાં આવેલી છે.

૨૩ હાજીઓ તેમની તંદુજસ્તી ખાસ ખ્યાલ રાખવાનો છે. તેઓએ ગરમીથી દિવસે અને રાત્રે ઠંડીથી પોતાનો બચાવ કરવાનો રહેશે. તેઓ પીવાના પાણીનો વપરાશ સતત ચાલુ રાખવાનો રહેશે. અને ફ્રુટનો ઉપયોગ કરવાનો રહેશે. આપને સારવારની જરૂર જેવું લાગે તો આપણે ઇન્ડયિન ડો. અને ઇન્ડીયાની ડીસ્પેનસરીઝ સેવા સતત મળી રહેશે.આ અંગે જરૂરી માર્ગદર્શન આપને ડીસ્પેનસરીઝ સ્ટાફ તથા ડોકટરો આપશે. ખસ કરીને પેટની ગરબડ સન સ્ટ્રોક શરદી, કફ, ફ્લુ તાવ, વગેરે રોગો માટે હાજીઓને અવશ્ય ઇન્ડીયન ડીસ્પેનસરીઝની મુલાકાત લેવા વિનંતી છે. કદાચ અનિવાર્ય સંજોગોમાં હોસ્પિટલમાં દાખલ થવાનું જણાય તો આપને ઇન્ડીયાના ડોકટરો સતત મદદરૂપ થશે. અને તેઓ સતત બીમાર હાજીઓની સારવાર ઉપર સતત દેખરેખ રાખશે.

૨૪ મેડીકલ સારવાર તમને તાત્કાલીક અને વ્યવસ્થિત મળતી રહે એ હેતુથી અમુક મોબાઇલ મેડીકલ ટીમો તમારી બિલ્ડીંગોની સતત મુલાકાત લેતી રહેશે. તેથી વૃધ્ધ અને અશકત હાજીઓને તેમની સારવાર તેમની રહેણાંક બિલ્ડીગમાં જ મળી રહેશે. અને તે પણ ખાસ તમારા રૂમમાંજ જેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

૨૫ ૭૫ વર્ષ ઉપરની ઉમરના હાજીઓ માટે ખાસ મેડીકલ પેકેજની સેવા ઉપલબ્ધ રહેશે. જેનો શવિશેષ લાભ લેવા વિનંતી છે.

**– <u>હરમ શરીફમાં રોકાણ દરમ્યાન ખાસ તકેદારી રાખવાની રહેશે</u>.**

૨૬ હરમ શરીફની પવિત્રતા નો ખ્યાલ હરેક હાજીઓએ દિલ દિમાગમાં રાખવાનો રહેશે. દરેકે પોતાની લાગણીઓને સંયમમાં રાખવી પડશે. જરા સરખો પણ ગેર વર્તાવ ખૂબજ હાનિકારક પુરવાર થશે. હરમ શરીફ માંથી તમારી વસ્તુ સિવાય કોઇ વસ્તુને અદકશો નહીં.તેથી તમારા માટે અનેક પ્રશ્નો ઉભા થશે.

૨૭ સાઉદી ઓફીસરો અને પોલસિ સત્તાવાળાની હાજરી સતત હરમ શરફમાં રહે છે. કેટલાક સાદા ડ્રેસ મા રહે છે જેઓ તમારી હિલ, ચાલ અને વર્તણુક પણ સતત દેખરેખ રાખતા હોય છે. જો તેઓ તમને પકડી લેતો તેમની સાથે કોઇપણ જાતની બોલચાલ ન કરશો.

૨૮ હરમ શરીફમાં મકકા ખાતે ભોંય તળીયા મેઇન ફલોર, ફર્સ્ટ ફલોર અને ટેરેસની વ્યવસ્થા છે.હજજ દરમ્યાન ખૂબજ ગિરદી રહે છે.આ માટે તમારે લીફટનો જયાં જરૂર જણાય ત્યાં ઉપયોગ કરવાનો રહેશે. કેટલાક હાજીઓ પોતાની મેળે પોતાની આગવી વ્યવસ્થા માટે આગ્રહ રાખે છે. જે હિતાકારક નથી.જેથી બીજા હાજીઓને પણ અગવડતા ભોગવવી પડે છે. તે બરાબર નથી.

૨૯ હરમ શરીફમાં દાખલ થાવ તો તમારે તમારા સેન્ડલ અને સુઝ પ્લાસ્ટીકની થેલીમાં રાખવા જોઇએ. સાથે તમારે તમારા માટે જાજમ / સાદડી વિગેરે સાથ રાખશો. જેથી. ખુલ્લા વિસ્તારમાં પણ તમો નમાઝ અદા કરી શકો.

**– <u>ચોરો અને ચીટરોથી સાવધાન રહો :-</u>**

30 કોઇપણ અજાણ વ્યકિત સાથે સંબંધજ ન કેળવશો.અને તેઓ પાસેથી કોઇ ખાધ વસ્તુ (જેવીકે કોફી દવા અનય બીજી વસ્તુઓ) સ્વીકારશો નહીં.

૩૧ હરમ શરીફની અંદર અથવા બહાર કોઇપણ કીમતી વસ્તુ સાથે રાખવી નહી જેથી તમો ગીર્દીમાં તે કિમતી વસ્લુઓ ગુમાવવાનો ભોગ ન બનો.

૩૨ તમારી પોતાની ફરજ છે કે તમારી કિમતી વસ્તુઓ અને નાણાં સાચવો. તમે એમ સમજીને ચાલો કે આવી કિમતી વસ્તુઓ અને નાણાં સાથે રાખવાથી તે વધુ સલામત છે. અમારા પાસે એવા અહેવાલ છે કે (પીક-પોકેટીગ (ખિસ્સા કાતરુ) બળજબરીથી કિમંત વસ્તુઓ અને નાણાં

હાજીઓ પાસેથી ઝૂંટવી લેવાના પ્રસંગો બન્યા છે. તેથી તમારે આ કિમતી વસ્તુઓની જરૂરી સાચવણીને અગ્રમતા આપવી જોઇએ. મોલ્લીમની ઓફીસમાં ડીપોઝીટ રાખવાની વ્યવસ્થા નો જરૂરી લાભ લેવો અનિવાર્ય છે એવી અમારી આપને સલાહ છે. આપ ડીપોઝીટ રાખેલ વસ્તુઆની રસીદ (ફાતુરા) અચૂક મેળવી લેશો. રસીદમાં ઉલ્લેખ કરેલ આપની વસ્તઓ આપ આપની જરૂરીયાત મુજબ પાછી મેળવી શકશો. થોડાક પૈસા આપી આપ હરમ શરીફ બહાર આવેલ લોકરો ભાડે રાખી શકશો. જેનું નજીવું ભાડુ આપવું પડશે.

૩૩ કેટલાક વર્ષોથી કેટલાક અસામાજીક તત્વો સસ્તી-કુર્બાની નામે હાજીઓને છેતરી રહ્યા છે. તેઓ હાજીઓના રહેણાંક સ્થળે ગોસ પહોંચાડવાની બાહેંધરી આપે છે. તેથી તમો તમારી જાતે કુરબાનીની વ્યવસ્થા કરો. અથવા ઇસ્લામીક ડેવલોપમેન્ટ બેંક (આઇ.ડી.બી.આઇ.) ની કુપનો ખરીદી લેવી. જે હાજીઓ માટે વધુ સગવડ વાળી અને સાદી અને સહેલી વ્યવસ્થા છે. હનફી અકીદો ધરાવતા વિદ્વાનો બેંક મારફ્તે કુર્બાનીની વ્યવસ્થ માન્ય ધરાવે છે.

**- <u>મદીના થી હેરાફેરી</u>**

૩૪ જો તમારા રૂમના દરવાજે લખેલુ હોય કે બીજે હાજીઓ તમારી સાથે જોડાવવાના તો તમારા રૂમની ચાવી બિલ્ડીંગના ગાર્ડને (હેરીશ) મદીના જતાં સોંપી દેવી જોઇએ. એવી નકકર શકયતા છે કે જેથી અવાર નવાર બીજા હાજીઓ તમારા રૂમમાં રોકાય તમારા બંધ રૂમમાં તેઓ તમારા તાળા મારેલ રૂમમાં રહેવા માટે દબાણ કરે.

૩૫ મદીના શરીફ જવા માટે ઇન્ડીયન હજ્જ ઓફીસ નિર્ધારીત સમયે તમો આગ્રહ રાખો. એટલું ખાસ ધ્યાન રાખશો કે એક બે હાજીઓને કારણે બીજા હાજીઓને સહન કરવું પડે છે.

૩૬ ખાસ યાદ રાખજો કે મદીના શરીફમાં રહેણાંકની કોઇ કેટેગરી નિર્ધારીત કરેલ નથી. તમામ હેજીઓને એકજ કેટેગરી માં રાખવામાં આવે છે.જેઓ બધાએ રીંગ રોડની આસપાસજ રહેવાનું છે.જે લગભગ ૮૫૦ મીટરના અંતરે આવેલ છે.જે મસ્જીદે નબવીની નજીક આવેલ મરકઝીયા વિસ્તારમાં પ્રથમ અને છેલ્લા આંઠ દિવસ મદીના આવેલ હાજીઓ માટે આ વ્યવસ્થા છે.

૩૭ મદીના શરીફમાં હવામાનનું સ્તર નીચે હોય છે. જેથી એક જોડી અથવા તમારા ઉનના કપડા સાથે રાખશો. તમારે તમારા અહેરામ સેટને સાથે રાખવાનો છે. કારણકે મકકા જતાં તેની જરૂર પડશે. જે વખતે ફકત અહેરામ સાથે તમારે મકકામાં પ્રવેશ કરવાનો રહેશે.

૩૮ મકકા પહોંચતા પહેલા તમારી બસ "મીગત" (બોર્ડર) રોકાશે. જે " બીયરે અલી " નામે અથવા (ઝુલ હલીફા) નામે જાણીતું છે. આ અહેરામ માટે નકકી કરેલ છે. ત્યાં તમારી બસને યાદ રાખશો. જેથી તમને કોઇ મુશ્કેલી અનુભવવી ન પડે. મોટા ભાગની બસો એકજ જેવી દેખાય છે. બસનો રંગ તથા નંબર ખાસ ધ્યાન રાખશો.

- **હજજના દિવસોમાં મુશખર વિસ્તારમાં રહેવાનું છે.**

૩૯ ૭મી, ૮મી જીલ હજજ મીના અરફાત રવાના થતાં સાથે બે જોડી ઉનના કપડા અને એક બુલન ચાદર અથવા બ્લેનકેટ સાથે રાખશો કારણકે આ દિવસોની રાતો ખૂબજ ઠંડી હોય છે. મુજદલફામાં તમારે રાત વિતાવવાની રહેશે.

૪૦ મીનામાં હાજીઓને તંબુઓમાં રહેવાનું છે. તેઓને મકકા થી બસમાં મીના આવવાનું છે.

૪૧ તમામ મોઅલ્લીમો કે જે ઇન્ડીયાના હાજીઓની સંભાળ લે છે. તેઓ સાઉથ એશિયન મોઅસસા છે. જે સૌથી વધુ મોઅસસા (એસ્ટેબલીસ મેન્ટ) છે અને તેઓ અરેબીકમાં "મોઅસસા જનુબે એશિયા" તરીકે ઓળખાય છે. સાઉથ એશિયન મોઅસસાનો રંગ પીળો છે. મીના અને અરફાતના મકતબના રંગ પીળા હોય છે. અરફાતના કેમ્પમાં પીળા પીલ્લરથી અંકીત કરેલા હોય છે.

હાજીઓએ તેમની સાથે તેમના ઓળખકાર્ડ રાખવાના રહેશે.કદાચ કોઇ સંજોગોમાં ઓળખકાર્ડ ગુમ થાય તો હાજીઆએ "મોઅસસા જનુબે એશીયા" નો સંપર્ક સાધવો અથવા ઈન્ડીયન હજજ અફીસ અથબા "બેઇથ અલ-હજજ, અલ હિન્દીયા" નો સંપર્ક સાંધવો. તેઓએ મોઅલમે મકકાનો નંબર યાદ રાખ્વાનો રહેશે.

૪૨ ઈન્ડીયવ કાન્સલેટ જીદાહ પોતાની ઓફીસ મીનામાં સંપૂર્ણ ડીસ્પેનસરી સગવડ સાથે રાખે : છે. અને તે બલ્યુ જેકેટ અને ઇન્ડીયા / અલહિદુ મારકીંગથી જાણીતી છે. કોન્સલેટના કેટલાક અધિકારીઓ ઇન્ડીયા / અલહિદુ ના સામે લખાયેલ રૂમાલથી ઓળખાય છે કેટલાક ઇન્ડીયનો રાષ્ટ્ર ધ્વજ પણ સાથે રાખે છે.

૪૩ ઇન્ડીયન હજજ મીશનના અધિકારીઓ બલ્યુ જેકેટ અને ઇન્ડીયા / અલ હિન્દ ના માર્કાથી ઓળખાશે. તેઓ તેમના રૂમાલ ઉપર ઇન્ડીયા / અલ હિન્દ ના માર્કા સાથે ઓળખાસે. કેટલાકની પાસે ઇન્ડીયાનો રાષ્ટ્ર ધ્વજ પણ હશે.

૪૪ મીનામાં આપને કોઇ મુશ્કેલી જણાય તો વિના સંકોચે આપ ઉપરોકત અધિકારીઓનો સંપર્ક સાંધશો. આ સાથે દરેક ઇન્ડીયન હાજીઓના ટેન્ટની ડોકટરોની વીઝીટ વ્યવસ્થા ગોઠવેલ છે.આપ તમામ તાત્કાલીક મદદ મળી રહે તેવી વયવસ્થા ગોઠવેલ છે. જેના લાભ લેવા વિનંતી.

૪૫ મીનામાં તમારે તમારા ખોરાકની વ્યવસ્થા કરવાની છે. હોટલોની અને કેટરરની ખૂબ મોટી સંખ્યામાં વ્યવસ્થા છે. જેથી આપને મુશ્કેલી નહી પડે. મકકાથી સાથે બિસ્કીટ, ફ્રુકાઝ ફ્રુટ, અને જયુસીસ સાથે રાખશો.

૪૬ જમરાતમાં પથ્થર ફેકવામાં બે લેવલ છે. તમારા કેમ્પ માટે સાઉદી સરકારે જે સમય નકકી કરેલ છે તે સમયેજ તમારે જમરાત જવું તમને ઇન્ડીયાના હજજ ઓફીસીયલસ / મોઅલ્લીમના માણસો અને સાઉથ એશીયાના મોલ્લીસાસ મદદરૂપ થશે. જેમાં મકતબના

અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. જેથી પથ્થર ફેંકવાના અરકાન ખૂબજ સરળતાથી અદા થઈ શકશે. તમને ટોળામાં જવું નહીં પડે. તમારે કઇ જગ્યાએથી પથ્થર ફેંકવા તેની ઉચી જગ્યા નકકી કરી લેવી પડશે. કદાચ કોઇ  અશકત અને બીમાર હોય તેઓ પોતાના વતી કોઇને પથ્થર ફેંકવા મોકલી શકાશે.

૪૭ તમારે સજાગ રહેવું પડશે કેટલાક દેશના લોકો એક ગ્રુપમાં આવશે. અને તાત્કાલીક પથ્થર ફેંકવાની ટોળામા ઘુસી ઉતાવળ કરશે. તે રીત ખૂબજ હાની કારક છે. આવા લોકો પથ્થર ફેંકી બહાર આવી જાય ત્યાં સુધી શાંતી રાખીને તમારે રાહ જોવી પડશે. કોઇની સાથે ઝગડો કે તકરાર ન કરશો. ખુદદામુલહુજ્જાદની મદદ મેળવશો. સાથે વધુ સામાન ન રાખશો.

૪૮ આ વર્ષના સાઉદી હજ્જ મીનીસ્ટરીએ ૧૩ મી જીલ હજ્જના રોજ પણ મોઅલ્લીમની મીના કેમ્પસની વ્યવસ્થા રાખવા જણાવ્યું છે. આ વર્ષના મીનીસ્ટ્રી એ પણ પ્લાન કરવાની છે કે હાજીઓને મીના કેમ્પથી ૧૨ અને ૧૩ જીલ હજ્જ રવાના કરવા હાલના નિયમ પ્રમાણે મીના હાજીઓ ૧૨ મી જીલ હજ્જ છોડવું હવેના નવા નિયમોથી હાજીઓને વધુ સગવડ અને રાહત રહેશે.

મીનામાં વધારાની રાત રોકાવવાનું પણ સુન્નત છે.પેગમ્બર સાહેબ ( સ.અ.વ.)એ જયારે હજ્જ અદા કરી હતી ત્યારે ૧૩મી જીલ હજ્જ મીનામાં રોકાણ કર્યુ હતું

૪૯ અમો ઇચ્છી એ છીએ કે આપ હજ દરમ્યાન આપના તમામ અરકાન શાંતિપૂર્વક અને સહી સલામત રીતે અદા કરો. ખાસ નોંધ લેશો કે કોઇપણ અરકાન ઇન્શાનની જીંદગીથી વધુ મહત્વનું નથી. ઇસ્લામના મહાન વિદ્વાનો એ આ અંગે એમના મંતવ્યો પેશ કરેલ છે. એઓશ્રી એવું મંતવ્ય જાહેર કર્યુ છે કે રમીને વ્યવસ્થા પૂર્વક અને શાંતિ પૂર્વક કરવી અને હેજીઓએ કોઇપણ જોખમ વહોરી લેવું ન જોઇએ. રમીનું અરકાન  તશરીકના દિવસો કોઇપણ સમયે અદા થઇ શકે છે.

૫૦ ઇસ્લામ શારિરીક રીતે નુકશાન થાય અથવા જીવન જાખમાય તેવું ઇચ્છતું નથી તેથી કોઇપણ ઉતાવળ જોખમ વહોરી ને ન લેવી જોઇએ. કુરાને પાકમાં અલલાહ તઆલા એ ફરમાવ્યું છે કે જયાં સુધી મજહબની બાબતમાં કોઇ મુશ્કેલી વેઠવવાની નથી. (સુરહ અલ હજ્જ ૨૨-૨૮) બીજા ફરમાનમાં ફરમાવ્યું છે કે "અલ્લાહ પાક આપને માટે આસાની ચાહે છે. અને અલ્લાહ પાક આપને કોઇ મુશ્કેલીમાં મુકવા માંગતો નથી." (અલ બકરાહ ૨.૧૮૫). તેથી અમો અંતઃકરણ પૂર્વક સલાહ આપીએ છીએ.કે તેથી ઇસ્લામ માં અપાયેલ રાહત ને આપ અપનાવો અને આપની અમૂલ્ય જીંદગીને જોખમ માં ન મૂકો.

૫૧. અરફાત હજ્જ અદા કરવામાં મુખ્ય અને મહત્વનું કેન્દ્ર છે.અરફાતમાં રોકાણ (વકુફ) દરમ્યાન આપ આપનો તમામ સમય જીક્ર અને ઇબાદતમાં ગાળો.અરફાતમાં આપના કેમ્પમાં જ સર્વે ઇબાદતો અદા કરી શકો છો. આપને મસ્જીદે " જબલે રહેમાન " મસ્જીદે નીરમામાં જવું હોય તો આપ મુકામની પુરેપુરી વિગતો મેળવી લેશો.જેથી આપને આવવા જવામાં વધુ અનુકૂળતા અને સરળતા

રહે અને આપના મુકામ પર પણ પહોચી શકો . કદાચ કોઇ સંજોગોમાં જરુર જણાય તો અરાફત ખાતે ઇન્ડીઅન હજ્જ ઓફીસનો સંપર્ક સાધવો.

પર. ખાસ યાદ રાખજો કે આપને મગરીબની અઝાં વખતે અરફાતથી રવાના થવાનું છે પરંતુ આપને મુજદલફા પહોચીને મગરીબ અને ઇશા ની નમાજ સાથે અદા કરવાની રહેશે.

પ૩. બસથી અરફાતથી મુજદલફા સુધી પહોચવા છ થી આઠ કલાકનો સમય થશે.સાઉદી સરકારે લાંબો પગપાળા રસ્તો બનાવ્યો છે. સશક્ત અને યુવાનો પગે ચાલી ને આ માર્ગનો લાભ લઇ શકે છે.તેઓ ફક્ત એકાદ કલાકમાં અરફાતથી મુજદલફા નો પ્રવાસ સહેલાઇથી પુરૂ કરી શકશે.મુજદલફા ખાતે ટોઇલેટ માટે લાઇનમાં ઉભા રહેવું પડશે.જેમાં બે કલાક જેવો સમય થશે.આપમાં જે તંદુરસ્તી ધરાવતા હોય તેઓ મીના પણ પગપાળા પ્રવાસ કરે તો વધું સારૂં . આપ બસની રાહ જોયા વગર ફજરની નમાજ બાદ ૧0 મી ઝુલ હજ્જાહ રવાના થઇ શકો છો.

**– <u>હજ્જના અરકાન અદા કર્યા પછી.</u>**

પ૪. આપની રવાનગી જીદ્દાહ અથવા મદીના શરીફથી થશે.જેઓ વાયા જીદ્દાહથી આવ્યા છે તેઓ મદીનાથી પાછા જઇ શકશે.છેલ્લી ઘડીએ પાછા જવાનો પ્રશ્ન ઉભો થાય તો તે નિવારવા દરેક હાજી એ પોતાની પાછી રવાનગી ની ફ્લાઇટની તારીખ અને સમયની અગાઉ થી ખત્રી કરી લેવી .

પપ. તમામ હાજીઓ એ પોતાના મોઅલ્લીમ અને ઇન્ડીઅન હજ્જ ઓફીસરો ની સલાહ ,પાછા જવાના પ્રોગ્રામ માટે સલાહ અને સૂચનો નો અમલ કરવાનો રહેશે.સાઉદી સરકારે નક્કી કરેલ છે કે દરેક હાજીએ ફ્લાઇટ ના સમયે આઠ કલાક પહેલાં જીદ્દાહ એરપોર્ટ પહોચીં જવું પડશે.મક્કાથી રવાનગીથી દરેક હાત્તએ ફ્લાઇટ ઉપડવાના બાર કલાકપહેલાં કરવી પડશે. બસ તેમના મુકામેથી લઇને બાર કલાક પહેલાં જીદ્દાહ એરપોર્ટ જવા રવાના થશે.હાજીઓએ બસ તેમની બીલ્ડીંગ ઉપર પહોંચે તે પહેલાં રવાનગીની તમામ તૈયારીઓ કરી લેવાની રહેશે.પેકીંગ પણ તૈયાર કરી રાખવાનું રહેશે અને બીલ્ડીંગની લોબી ખાતે પેકીંગ સાથેની તૈયારી સાથે હાજર રહેવું પડશે.શોપીંગ અને બીજા કામ એ સમયે જવું નહિ.બસ તમારી બીલ્ડીંગમાં પહોચીં જાય તે પછી કોઇપણ હાત્તએ " તવાફે વીદા " માટે જવું નહિ. આ બધી જરુરીયાતો બે ત્રણ કલાક પહેલાં પૂરી કરી લેવી જોઇએ.

પ૬. સામાન્ય સંજોગોમાં ફ્લાઇટમાં ફલાઇટના સમયમાં ફેરફાર શક્ય નથી .પરંતુ અનિવાર્ય સંજોગોમાં જે વાંકે મેડકિલ અથવા બીજા અણધાર્યા સંજોગોમાં જરૂર જણાય તો તમો ફલાઇટ ફેરફાર માટે વિનંતી કરી શકો છો. એ શરતે કે ફલાઇટમાં જગ્યા મળી શકે એમ હોય એવા સંજોગો માં કોમ્પ્યુટરાઇઝ્ડ રીઝર્વેશન સીસટમ – સી આર ટી – નો સંપર્ક સાધી શકો છો . જે એર ઇન્ડીઆએ ઇન્ડીઆથી સાઉદી અરેબીયન એરલાઇન્સ અથવા બીજી એરલાઇન્સ માં ફલાઇટનો ફેરફાર કોઇપણ સંજોગોમાં શક્ય નથી .

૫૭. ફ્રી બેગેજ ૪૫ કીલો અને ૧૦ કીલો હેન્ડ બેગેઝની પરવાનગી છે .ઇન્ડીયન હાજી ૧૦ લીટર ઝમઝમ નું પાણી લઇ જઇ શકશે. જે અંગેની વ્યવસ્થા ઇન્ડીયન એરલાઇન્સ કરશે અને તમને તે ડીલીવરી જ્યાં તમે ઉતરવાના હોય તે સ્થળે ઇન્ડીયામાં આપશે.જેથી તમારે ફ્લાઇટમાં ઝમઝમ પાણી સાથે લેવાની જરૂર છે.તમારે ખાસ એ બાબતનું ધ્યાન રાખવું પડશે કે તમારા સામાનની પહેચાન તમારા સામાન ઉપરના માર્કસ જેવાં કે નામ ,સરનામું અને પીલગ્રીમ કવરથી થઇ શકશે .

૫૮. જ્યાં સુધી બની શકે ત્યાં સુધી વધારા નું સામાન સાથે લેવું જોઇએ જેથી ફ્લાઇટ સમયસર ઉપડી શકે તેમ છતાં આપની પાસે વધારાનો સામાન હોય તો તે માટે એર કાર્ગો નો ઉપયોગ કરવો જોઇએ.જેની સવલત આપને એર ઇન્ડીઆ દ્વારા મક્કા અને મદીનામાં મળી શકશે.

૫૯. હજ્જ પછીનું સર્વે ફોર્મ ભરવાનું ચૂકતા નહિ.જેમાં આપના મંતવ્યો અને અનુભવ હજ્જ અરકિંગે સંકળાયેલી તમામ એજન્સી ઓની કામગીરી અરકિંગે પ્રતિભાવ આપવાના છે.હજ્જની સફરને સફળ સાબીત કરવા આપને અલ્લાહ પાકથી દુઆઓ કરવાની છે.આપ અલ્લાહ પાકના મહેમાન છો તેમ સમજી ને આપની સફરનો જે મુખ્ય ધ્યેય છે તેને હંમેશાં દિલ અને દિમાગમાં અગ્રસ્થાન આપવાનું છે.આપનો મુખ્ય મકસદ મક્કા અને મદીનાની જીયારતો સંપૂર્ણપણે સારી રીતે સ્વસ્થતાથી અદા થાય એ જ છે . આ નેક અને પાક કાર્ય માં અધિકારીઓ તો આપને હૃદયપૂર્વક મદદ કરવા અને સહાયભૂત થવાનો છે.આપને જણાવવા માગીએ છીએ કે કોઇ પણ " બંદોબસ્ત " સંપૂર્ણ નથી એમ કહી ને ખામીનો અવકાશ છે.આપ સૌને સવિનય વિનંતી છે કે આપ આપની સફર દરમ્યાન વધુમાં વધુ સમજદારી,સંયમપૂર્વક વર્તન કરો કે જેથી આપની સફર સંપૂર્ણપૂર્વક સરળતાથી ,સ્વસ્થતાથી અને સંયમથી પૂરી થાય .આપ સંપૂર્ણપણે સંતોષ અનુભવો એજ આપની સફરની સફળતા છે.

અમો દુઆ કરીએ છીએ કે આપની નેક અને પાક સફર કામયાબી સાથે પૂરી થાય આપને હજ્જના તમામ અરકાનો સારી રીતે અદા તંદુરસ્તી સાથે થાય એવી અલ્લાહ પાકથી દુઆ છે. અમો પણ આપની બંદગીઓના સહભગી થવા ઇચ્છીએ છીએ .આપની ઇબાબતો કબૂલ થાય .અલ્લાહ પાક સફળતા બક્ષે.

ડૉ. ઔસફ સઇદ

( કોન્સલ જનરલ ઓફ ઇન્ડીયા )

------------------------

# એનેક્ષર

| અ.નં. બાબત | જે એજન્સીઓનો સંપર્ક સાધવાનો છે. |
|---|---|
| ૧. ડીપોઝીટીંગ રોકડ અને કિંમતી વસ્તુઓ | મોઅલ્લીમની ઓફીસ |
| ૨.બીલ્ડીંગ ફરીયાદ | હાજીએ પોતાની ફરીયાદ તેમની બીલ્ડીંગમાં રાખેલ ફરીયાદ બૂકમાં લખવાની રહેશે.બીલ્ડીં સુપરવાઇઝર અવારનવાર બીલ્ડીંગની મુલાકાત કરતા રહે છે.આ અંગે હાજીઓ બ્રાંચ ઓફીસ ની મુલાકાત લઇ શકશે.હાજીઓ પોતાના ખાદીમુલહુજ્જાજ ને રજૂઆત કરી શકશે. |
| ૩. ગુમ થયેલ હાજીઓ | કોઇ હાજી ગુમ થાય તો અમારા ટાસ્ક ફોર્સનો સંપર્ક સાધવા વિનંતી છે. તેઓ એ જેકેટ પહેરેલા હોય છે જેના ઉપર ઇન્ડીઆ, અલ હિન્દ લખેલું હશે.આપ નજીકની ઇન્ડીઅન બ્રાંચ ઓફીસનો સંપર્ક સાધી શકો છો.સાથી હાજી ગુમ થાય તો બ્રન્ચ ઓફીસનો સંપર્ક સાધશો. |
| ૪ . ગુમ થયેલ સામાન | તમો તમારી બ્રાન્ચ ઓફીસરનો સંપર્ક સાધો . તમને સલાહ છે કે ગુમ થયેલ સામાન બ્રાંચનો સીધો સીધો સંપર્ક સિવાય કે બ્રાંચ ઓફીસ એ.એચ.ઓ. તમને બીજી કંઇ સલાહ આપે. |
| ૫. મુમેન્ટ ટુ મદીના | તમારી બીલ્ડીંગમા મુકેલી નોટીસ નો ધ્યાનપૂર્વક અમલ કરો . |
| ૬. ચોરાયેલ અને અને રોકડ ગુમ | ઇન્ડીયન હજ્જ મીશન ની અજયદ મક્કાની ઓફીસમાં જનરલ વેલ્ફેર ટ્રસ્ટનો સંપર્ક સાધો.હંગામી રાહત તમને આ ઓફીસથી મળી શકશે . |
| ૭. મશઅર ની રવાનગી | આ અંગે આપની બીલ્ડીંગમાં લગાડેલ નોટીસ ને અનુસરો.આ અંગે આપની બ્રાંચ ઓફીસ તથા મોઅલ્લીમન ઓફીસનો સંપર્ક સાધો . |
| ૮ ફલાઇટ સીઇયુલમાં ફેરફાર | સાઉદી અરેબીયન એરલાઇન્સ આવી કોઇપણ માંગણી સ્વીકારતી નથી. એર ફલાઇટ ફેરફાર માટે ઇવચાર્જ હજ્જ મીશનનો સંપર્ક સાધો. |

| | |
|---|---|
| | એમની એપ્રુવલથી જ એર ઇન્ડીયા (સી.આર.ટી.) કે જે ઇન્ડીયન હજ્જ મીશન ઓફીસમાં છે. જરૂર ફેરફાર કરી શકાશે એ શરતે કે ફ્લાઇટમાં ખાલી જગ્યા હોય<br>કોઇપણ સંજોગોમાં સેકેરનો ફેરફાર થઇ શકશે નહિં એમાં ખાસ સાઇદીઆ અને એર ઇન્ડીયા વચ્ચે |
| ૯ ડીપાર્ટઅસ મુવમસન્ટ જીદાહ ખાતે | તમારી એ ઓફીસની બિલ્ડીંગમાં ચોંટાડેલ નોટીસ ને અનુસરો એ અંગે આપ બ્રાંચ ઓફીસનો સંપર્ક કરશો. |
| ૧૦ બુકીંગ વધારાના સામાનનો | કાર્ગો ફેસીલીટી એર ઇન્ડીયાનો સંપર્ક સાધો. એર ઇન્ડીયા મારફતેજ વધારાનો સામાન બુક કરો જે અગાઇથી એડવાન્સમાં બુક કરાવવું જાઇએ. કેટલાક વખત એરપોર્ટ છેલ્લી ઘડીએ સામાન લેવાના રહે છે. |
| ૧૧ મીના પાસીસ | મોઅલ્લીમ ઓફીસથી મળી શકશે. |
| ૧૨ મેડીકલ મદદ એમરજન્સીમાં | તમારી બ્રાંચ ડસિપેન્સરીમાં ડૉક્ટરનો સંપર્ક સાધો.તમો ડૉક્ટરને અણધાર્યો આકસ્મીક સંજોગોમાં તમારી બીલ્ડીંગમાં બોલાવી શકો છો. |
| ૧૩ મીના પ્રોબલમ | મોઅલ્લીમની ઓફીસ તમારા કેમ્પમાં જ હોય છે તમો ઇન્ડીઅન હજ્જ મીશન મીના કેમ્પ ઓફીસનો પણ સંપર્ક સાધી શકો છો. |
| ૧૪ તમારા સાથી હાજીનું મરણ | મોઅલ્લીમ ઓફીસનું સંપર્ક કરો.મોઅલ્લીમ ઓફીસ મૈયત પામેલ હાજીને કબ્રસ્તાનમાં પહોંચાડવાની વ્યવસ્થા કરે છે.ઇન્ડીઅન હજ્જ મીશનની કો ઓરડીનેશન ડેસ્ક દફનાવવા એન ઓ સી ઇસ્યુ કરે છે. |

--------------------------